મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૨૫-૦૧-૨૦૨૬
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૮૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

## મહેસાણા નજીક કુકસ ખાતે બારગોળ ચૌધરી સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ ભવ્યતા અને સેવાભાવ સાથે સંપન્ન

# મહેસાણાના કુકસ ખાતે ચૌધરી સમાજનો મહાસંસ્કાર : ૩૧ નવદંપતિએ જીવનયાત્રાની શરૂઆત કરી, ૧૨૭ બ્લડ બોટલથી માનવસેવાનો સંદેશ







(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

શ્રી બારગોળ ચૌધરી સમાજ વિકાસ ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આયોજિત ૧૨મો સમૂહ લગ્નોત્સવ મહેસાણા નજીક કુકસ ખાતે સંસ્કાર, સમર્પણ અને સેવા ભાવના સાથે ભવ્ય રીતે યોજાયો હતો. આ ઐતિહાસિક પ્રસંગે ૩૧ નવદંપતિઓએ વૈદિક રીતિરિવાજો અને આશીર્વાદ વચ્ચે પ્રભુતામાં પગલા માંડી જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી હતી.

આ પવિત્ર સમારોહ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અંબાલાલ આર. ચૌધરી (ગુંજાળા), મહામંત્રી શ્રી સંજયભાઈ વી. ચૌધરી (મેવડ), કન્વીનર શ્રી મહેશભાઈ એન. ચૌધરી (કુકસ), પૂર્વ પ્રમુખ આંજણા યુવક મંડળ ગુ.રા.ના ચેરમેન તરૂણભાઈ ચૌધરી તેમજ બારગોળ ચૌધરી સમાજના પ્રમુખ શ્રી ડાયાભાઈ પી. ચૌધરી (અંબલીયાસણ) અને મંત્રી શ્રી વીરસંગભાઈ ચૌધરી (વિઠ્ઠલાપુરા) સહિત સમાજના આગેવાનો, દાતાશ્રીઓ અને આયોજક સમિતિના અથાક પરિશ્રમથી સફળ રહ્યો હતો.

સમૂહ લગ્નોત્સવ દરમિયાન લગ્ન મંડપ ખાતે ચૌધરી સમાજ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પે વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને કુલ ૧૨૭ બ્લડ બોટલ એકત્રિત કરીને માનવસેવાનો




ઉત્તમ દાખલો રજૂ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યના ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સમાજ ઉત્થાન માટે પ્રેરણાત્મક પુસ્તક ભેટ આપી, જેના દ્વારા સમાજમાં સંસ્કાર, શિક્ષણ અને એકતાના મૂલ્યોને નવી દિશા મળી હતી.

આ પ્રસંગે ભોજનદાતા તરીકે શ્રી વિષ્ણુભાઈ બાબુભાઈ ચૌધરી (ગોકળગઢ) તરફથી ભવ્ય ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત અન્ય દાતાઓના સહયોગથી આ ૧૨મો સમૂહલગ્ન સમારંભ સફળતાપૂર્વક સંપન્ન થયો.

આ કાર્યક્રમના અંતે બારગોળ ચૌધરી સમાજ સમૂહલગ્ન સમિતિના પ્રમુખશ્રી શ્રી અંબાલાલ આર. ચૌધરીએ તમામ મહેમાનો, ભોજનદાતાઓ, દાતાશ્રીઓ તથા ઉપસ્થિત સમાજબાંધવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમૂહલગ્નોત્સવમાં સમાજના અગ્રણીઓ દ્વારા ઉત્તમ દાનની સરવાણી વરસાવવામાં આવી હતી. જેને લઈને આ સમૂહલગ્નોત્સવને ચાર ચાંદ લાગી ગયા હતા. આ ઉત્સવમાં અનેક યુગલ વૈદિક વિધિ, મંત્રોચ્ચાર અને અગ્નિને સાક્ષી રાખી વૈવાહિક જીવનમાં પ્રવેશ કર્યો છે. અહીં કોઈ દેખાવ કે ભેદભાવ નહીં, માત્ર સાદગી, સમાન વ્યવસ્થા અને સંસ્કાર જોવા મળે છે, જે સમાજમાં સમાનતાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે. વિશેષ બાબત એ છે કે સમૂહ લગ્નોત્સવ એક દિવસનો કાર્યક્રમ નથી, પરંતુ વર્ષભર ચાલતી તૈયારી, સમર્પણ અને સેવાભાવનું પરિણામ છે. યુવાઓમાં સેવા ભાવના વિકસે છે, વડીલોમાં સંતોષ અને ગૌરવનો ભાવ જન્મે છે અને સમાજની એકતા વધુ મજબૂત બને છે. અંતે કહી શકાય કે ચૌધરી સમાજનો સમૂહ લગ્નોત્સવ માત્ર એક સમારંભ નહીં, પરંતુ માનવતા, સંસ્કાર અને સામૂહિક જવાબદારીનું જીવંત પ્રતીક છે, જે દીકરીના ચહેરે ખુશી, પિતાના હૃદયમાં શાંતિ અને સમગ્ર સમાજમાં ગૌરવ જગાવે છે.



### સમૂહ લગ્નોત્સવમાં ભોજન દાતાનો આભાર વ્યક્ત કરાયો

શ્રી બારગોળ ચૌધરી સમાજ વિકાસ ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આયોજિત ૧૨મો સમૂહ લગ્નોત્સવ તા. ૨૪/૦૧/૨૦૨૬ના રોજ યોજાયો. આ પ્રસંગે ગોકળગઢના દાતાશ્રીઓ દ્વારા ભોજન સેવા માટે ઉદાર દાન આપવામાં આવ્યું છે. દાતાશ્રીઓ : શ્રી બાબુભાઈ જેઠાભાઈ ચૌધરી, અ.સૌ. મેનાબેન બાબુભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ બાબુભાઈ ચૌધરી, અ.સૌ. આશાબેન વિષ્ણુભાઈ ચૌધરી, કેવીન વિષ્ણુભાઈ ચૌધરી, દક્ષવિર વિષ્ણુભાઈ ચૌધરી ટ્રસ્ટ દ્વારા દાતાશ્રીઓના આ નિષ્કામ સેવા કાર્યને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી ૧૨ ગોળ ચૌધરી સમાજ ટ્રસ્ટી મંડળ દ્વારા દાતાઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.







(તમામ તસ્વીર-અહેવાલ : ચાર્મિસ ચૌધરી, મહેસાણા)

